SUNDAY, 22•11•2026

સોશિયલ આઉટરીચ : લીડરશિપ અને સામાજિક સંવેદના ખીલવવા નવી પહેલ

MSUની કોમર્સ ફેકલ્ટીમાં વિદ્યાર્થીઓએ સમાજ સેવા માટે ૬૦ કલાક આપવા પડશે

F.Y.બીકોમના સેમ-૨માં બે ક્રેડિટનો નવો વિષય, મૂલ્યાંકનના આધારે માર્ક્સ પણ અપાશે

| વડોદરા |

શહેરની MSUની સૌથી મોટી એવી ફેકલ્ટી ઓફ કોમર્સ દ્વારા શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭માં વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે મહત્વપૂર્ણ બદલાવ કરવામાં આવ્યાં છે. ચાલુ મહિનાના અંતે શરૂ થવા જઈ રહેલા નવા સેમિસ્ટરથી F.Y.B.Comના સેકન્ડ સેમિસ્ટરમાં સોશિયલ આઉટરી નામનો બે ક્રેડિટનો નવો વિષય દાખલ કરવામાં આવ્યો છે. જે અંતર્ગત વિદ્યાર્થીઓએ સમાજ અને રાષ્ટ્રની સેવા માટે ૬૦ કલાક ફાળવવાના રહેશે, જેનું યોગ્ય મૂલ્યાંકન કરીને પરીક્ષામાં માર્ક્સ પણ આપવાની જાહેરાત ડીન દ્વારા સોશિયલ મીડિયામાં કરાઈ છે.

કોમર્સ ફેકલ્ટીના ડીન ડો. પ્રજ્ઞેશ શાહે સોશિયલ મીડિયામાં વિદ્યાર્થીઓને નવા વર્ષની શુભેચ્છાઓ પાઠવતા આ નવા અભ્યાસક્રમ અંગે વિગતવાર માહિતી આપી હતી. ડીને જણાવ્યું હતું કે, વર્તમાન સમયમાં વિદ્યાર્થીઓ ક્યાંક ને ક્યાંક સમાજથી અલિપ્ત થઈ રહ્યાં છે. આજનો વિદ્યાર્થી અત્યંત સંવેદનશીલ છે અને તેને સામાજિક પ્રશ્નો સાથે સીધો સંબંધ છે, તે વિચારે અને ચર્ચા પણ કરે છે, પરંતુ તેને પ્રત્યક્ષ રીતે સમાજ સાથે જોડવાનું કામ ક્યાંક છૂટી ગયું છે. વિદ્યાર્થીઓ પુસ્તકિયા જ્ઞાનની સાથે સમાજની વાસ્તવિકતાથી વાકેફ થાય અને સમાજ તથા રાષ્ટ્ર સાથે જોડાય તેવા ઉમદા હેતુથી એફ્વાયબીકોમ સેમિસ્ટર-૨ માં બે ક્રેડિટનો આ વિશેષ વિષય ઉમેરવામાં આવ્યો છે. આ ૬૦ કલાકની સામાજિક પ્રવૃત્તિ દ્વારા વિદ્યાર્થીઓમાં નેતૃત્વના ગુણો વિકસશે. આ ઉપરાંત, વિદ્યાર્થીઓ સમાજ વિશે વિચારતા થાય, સામાજિક પ્રશ્નોનો ઉકેલ કેવી રીતે લાવી શકાય તેના વિવિધ વિકલ્પો શોધે અને તેમાંથી શ્રેષ્ઠ ઉકેલ પસંદ કરવાનો વિશ્લેષણાત્મક અભિગમ કેળવે તેવો આ નિર્ણય પાછળનો મુખ્ય ઉદ્દેશ્ય છે.